# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 24-01-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## PM-ગ્રામીણ આવાસ યોજના:

**ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડની વિવિધ આવાસ યોજનાઓમાં દંડનીય વ્યાજ માફ કરાશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામીણ આવાસ યોજનાના લાભાર્થીઓના હિતમાં આ નિર્ણય લીધો છે. આ નિર્ણય અનુસાર જે લાભાર્થીઓ મુદ્દલ સંપૂર્ણ ભરવા સંમત છે પરંતુ માસિક બે ટકા દંડનીય વ્યાજ ભરી શકે તેમ નથી તેમને રાહત મળશે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે 6 મહિનાની સમય મર્યાદામાં આવાસના હપ્તાની મૂદ્દલ સંપૂર્ણ ભરપાઈ કરે તેમની દંડનીય વ્યાજની રકમ માફ કરાશે.**

---------------------------------------------------------------------------------------------------

## નાયબ મુખ્યમંત્રી-દાવોસ:

**નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સ્વિત્ઝરલેન્ડના દાવોસમાં યોજાઇ રહેલા વિશ્વ આર્થિક મંચની બેઠક દરમિયાન જણાવ્યું, ગુજરાત આગામી પેઢીના પવન નવીનીકરણ માટે ભારતના સૌથી મજબૂત કેન્દ્ર તરીકે ઉભરી રહ્યું છે.**

**તેમણે કહ્યું, ભારતના પ્રથમ ઓફશોર પવન પ્રોજેક્ટ અને વિશ્વ કક્ષાના નવીનીકરણીય ઉર્જા પાર્ક સાથે, ગુજરાત દેશના સ્વચ્છ ઊર્જા વિકાસને શક્તિ આપી રહ્યું છે.**

**શ્રી સંઘવીએ વેસ્ટાના CEO સાથે મુલાકાત કરી. બેઠકના ભાગરૂપે પવન ટર્બાઇન ઉત્પાદન, ઓફશોર પવન, નવીન જમીન-ઉપયોગ પાઇલોટ્સ અને અદ્યતન સંશોધન અને વિકાસ પર વ્યૂહાત્મક સંવાદ યોજાયો.**

ગુજરાત AI-સંચાલિત ડેટા સેન્ટરની આગામી લહેર માટે તૈયાર થઈ રહ્યું છે, ત્યારે ટકાઉ ઉર્જા ઉકેલો મુખ્ય રહેશે.

---

## ધોરડો ખાતે ખાદીનો તિરંગો:

આગામી 26મી જાન્યુઆરી 77માં પ્રજાસત્તાક દિવસ નિમિત્તે જિલ્લાના ધોરડો વિસ્તારમાં કચ્છના રણમાં એક ઐતિહાસિક અને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યાં ખાદીમાંથી બનાવેલ વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ (ત્રિરંગો) સંપૂર્ણ આદર અને ઉત્સાહ સાથે પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં, ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ ગુજરાતના કારીગરોને મશીનો અને ટૂલકિટનું વિતરણ કરવામાં આવશે.

આ પ્રસંગે, ભારતીય સેના અને સરહદ સુરક્ષા દળના સૈનિકો દ્વારા વિશાળ ધ્વજને સલામી આપવામાં આવશે.આ કાર્યક્રમમાં જનપ્રતિનિધિઓ, વહીવટી અધિકારીઓ, ભારતીય સેનાના વરિષ્ઠ અધિકારીઓ અને ખાદી અને ગ્રામોદ્યોગના પ્રતિનિધિઓ હાજર રહેશે.

---

## PM-મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે આકાશવાણી પરથી “મન કી બાત” કાર્યક્રમમાં દેશવિદેશના નાગરિકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમનું પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનના તમામ નેટવર્ક પર કરાશે.

“મન કી બાત” કાર્યક્રમ આકાશવાણી સમાચારની વૅબસાઈટ અને ન્યૂઝ ઑન એ.આઈ.આર. ઍપ પર પણ ઉપલબ્ધ રહેશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય – PMO તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુ-ટ્યૂબ ચેનલ પર પણ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરાશે.

---

## મુખ્યમંત્રી આજે કચ્છમાં:

કચ્છના વિનાસક ધરતીકંપને 26 મી જાન્યઆરીએ 25 વર્ષ પુરા થશે,ત્યારે તેના અનુસંધાને ભુકંપ દિવંગતોના પુણ્ય-સ્મરણ માટે આજે સાંજે સ્મૃતિ વન ખાતે યોજાનારા એક કાર્યક્રમમાં હાજરી આપવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કચ્છની મુલાકાતે આવશે.

---

## ગાંધીધામ-સ્વનીધી યોજના:

ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશ્નર મનીષ ગુરવાનીના માર્ગદર્શન હેઠળ ભારત સરકારની PM-સ્વનીધી યોજના અન્વયે લાભાર્થીઓને લોન વિતરણ અને ક્રેડિટ કાર્ડ શુભઆરંભ તેમજ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીના અધ્યક્ષ સ્થાને તીરૂવનંતપુરમ્ કેરળ ખાતે યોજાયેલ કાર્યક્રમનું લાઇવ પ્રસારણ કાર્યક્રમનું આયોજન શ્રી અગ્રસેન ભવન ગાંધીધામ ખાતે રાખવામાં આવેલહતી.

કાર્યક્રમમાં ગાંધીધામ મહાનગરપાલિકાના નાયબ મ્યુનિશિપલ કમિશ્નર સંજ્યકુમાર રામાનુજ, બેંકમેનેજરો તેમજ ગાંધીધામ મહાનગરપાલિકાના સ્ટાફગણ અને બહોળી સંખ્યામાં લાભાર્થીગણ ઉપસ્થિત રહ્યા હતા.

આ સાથે ગાંધીધામ મહાનગરપાલિકા વિસ્તારના તમામ નોંધાયેલ શહેરી ફેરિયાઓ PM સ્વનીધી યોજનાનો વધુમાં વધુ લાભ લેવા ગાંધીધામ મહાનગરપાલિકાના યુ.સી.ડી.-વિભાગ નો સંપર્ક કરવા ગાંધીધામ મહાનગરપાલિકાની  યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## ક્રિકેટ-T-20 મેચ:

ભારતે ન્યૂઝીલેન્ડને બીજી ટી-20 મેચમાં 7 વિકેટે હરાવી વિજયની પરંપરા જાળવી રાખી છે. રાયપુર ખાતેની મેચમાં ન્યુઝીલેન્ડના 6 વિકેટે 208 રનના જવાબમાં 15 ઓવરમાં 3 વિકેટ

**ગુમાવી 209 રન કરી મેચ જીતી લીધી હતી. સુકાની સૂર્યકુમાર યાદવ 82 રન અને શિવમ દુબે 36 રન કરી નોટ આઉટ રહ્યા હતા. જ્યારે ઈશાન કિશને ઝમકદાર રમત રમી 76 રન કર્યા હતા. આ વિજય સાથે ભારત પાંચ મેચની શ્રેણીમાં બે વિરુદ્ધ શૂન્ય મેચની સરસાઇ ધરાવે છે.**

**---------------------------------------------------------------------------------------------------**